| PUBLICATION NAME : | Nobat |
| --- | --- |
| EDITION : | Jamnagar |
| DATE : | 14/05/2022 |
| PAGE : | 2 |

### ઈડીઆઈઆઈ - હસ્તકલા સેતુ યોજના અંતર્ગત

# ૮૮% કલાકારોનો બજાર સાથે લઘુતમ જોડાણને કારણે ટકી રહેવાનો સંઘર્ષ

અમદાવાદ તા. ૧૪: ઈડીઆઈઆઈ (આંતરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા) હસ્તકલા સેતુ યોજના અંતર્ગત કલાકારો (રાજય સરકારના એવોર્ડ વિજેતા) માટે એક દિવસનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. હસ્તકલા પ્રોજેક્ટમાં પૂરક આ એક દિવસીય કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેની શરૂઆત વર્ષ-૨૦૨૦ માં થઈ હતી. હસ્તકલા પ્રોજેક્ટમાં પૂરક આ એક દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ કલાકરોની કુશળતા વધારવા અને માહિતીની અસમાનતા દૂર કરવા માટે સેતુરૂપ બનવાનો હતો, જેથી તેઓ બજારના પ્રવાહો અને માંગને સુસંગત રીતે કામ કરી શકે છે.

હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ છે. આ પ્રોજેક્ટ કમિશનરેટ ઓફ કોટેજ એન્ડ રૂરલ ઈન્ડસ્ટ્રીઝ (સીસીઆરઆઈ), ગુજરાત સરકારનો ટેકો ધરાવે છે.

હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા તરીકે ઈડીઆઈઆઈ ગુજરાતના ગ્રામીણ અને કુટીર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ઉદ્યોગસાહસિકતાનું એક સંપૂર્ણ વ્યવસ્થાતંત્ર વિકસાવવા પ્રયત્નશીલ છે. પ્રયોગજન્ય કે અનુભવજન્ય અનુભવો પરથી જાણકારી મળી છે કે, આશરે ૮૮ ટકાથી વધારે કલાકારો વિશિષ્ટ કુશળતા હોવા છતાં તેમને બજારમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરવો પડે છે. બજાર સાથે જોડાણ અને પર્યાપ્ત જાણકારીનો અભાવ - આ બન્ને મુખ્ય પરિબળો કલાકારોની નબળી સ્થિતિ તરફ દોરી ગયા છે. હસ્તકલા સેતુ યોજના કોશલ્ય અને જાણકારીના આધારે તેમની સ્થિતિમાં પરિવર્તન ફૂંકવા માંગ છે. આ કાર્યક્રમના ભાગરૂપે ઈડીઆઈઆઈ ગ્રામીણ કલાકારો વચ્ચે જાણકારી અને કૌશલ્યની અસમાનતા દૂર કરી તેમની કુશળતા વધારવા સેતુરૂપ બન્યો છે. એટલું જ નહીં તેમના વ્યવસાયને વધારવા નવી રીતો અપનાવવામાં મદદરૂપ પણ થાય છે. આ પ્રોજેક્ટનો અમલ ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં (તબક્કા ૧ અને ૨ માં, તબક્કાવાર જિલ્લાઓ ઉમેરવામાં આવશે) થઈ રહ્યો છે. જેમાં તાલીમ કાર્યક્રમો, જરૂરિયાત-આધારીત તાલીમ, પ્રોત્સાહન અને બજાર સાથે તેમના જોડાણો સ્થાપિત કરીને કલાકારોને ટેકો આપવામાં આવ્યો છે. અને તેમને બજારમાં શું માંગ છે એની જાણકારી આપવામાં આવી છે. લગભગ છેલ્લાં ૨ વર્ષમાં ઈડીઆઈઆઈએ ૧૯,૩૬૧ કલાકારોને સફળતાપૂર્વક તાલીમ આપી છે. જેમાંથી ૭૬૦૫ ને કુશળતા વધારવા આધુનીક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ કલાકારોએ રૂા. ૪.૯૮ કરોડની આવક કરી છે. નવી ડિઝાઈનો, નેટવર્કીંગના નવા વિકલ્પો, નવા બજારો સુધી પહોંચ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર નોંધણી (કલાકારો માટે કેટલીક ખાસ ઊભી કરેલી સહિત) આ તમામ પરિબળોએ તેમના વ્યવસાયમાં વધારો કર્યો છે એવું જાણવા મળ્યું છે.